અપીલ અરજી નં.૩૮૭, તા.૫–૩–૦૯

અરજદારઃ શ્રી  શ્રીકાંત મુકુંદભાઈ પટેલ

સામાવાળાઃ(૧)ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ)

(૨)ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન)

(૩) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

## *ફરીયાદની હકીકતઃ–*

***વિષય :–***આરટીઆઈ એકટ હેઠળ શ્રી શ્રીકાંત મુકુંદભાઈ પટેલની તા.૨૩–૧૨–૦૮ ની અરજીથી મ્યુ. કોર્પો.ના કર્મચારી શ્રી પ્રદિપસિંહ એમ. પઢિયાર ની મુદ્દા નં.૧ થી ૧૭ ની માહિતી આપવા બાબત.

***સંદર્ભ :–*** અરજદાર મજકુરની તા.૫–૩–'૦૯ ની અપીલ અરજી  નં.૩૮૭/૨૦૦૮–૦૯

શ્રી શ્રીકાંત મુકુંદભાઈ પટેલની તા.૨૩–૧૨–૦૮ ની  અરજીથી મ્યુ. કોર્પો.ના કર્મચારી શ્રી પ્રદિપસિંહ એમ. પઢિયાર ની મુદ્દા નં.૧ થી ૧૭ ની  માહિતી આપવા બાબતે  મળેલ માહિતી ખોટી  હોવાનું જણાવી મળેલ  પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને  તા.૫–૩–૦૯ ના રોજ  અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ  અરજીની નકલ, કે તબદીલની નકલ આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ  આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા અને ઈન્કાર હોય તો તેની   સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૨૨૯ તા. ૧૬–૩–૦૯ થી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ), ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.જાવક/જીએડી/ઈએસટી/૪૭૧૫ તા.૧૯–૩–૦૯ થી, ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન) તરફથી પત્ર નં.૪૫૫૨ તા.૨૫/૨૬–૩–૦૯ થી અત્રેના વિભાગને પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જયારે રાંદેરઝોન તરફથી કોઈ વિશેષ માહિતી મળેલ  નથી.

અરજદારની તા.૨૩–૧૨–૦૮ ની મુદ્દા નં.૧ થી ૧૭ ની મુળ અરજી સેન્ટ્રલ ઝોનમાં કરવામાં આવેલ જે સી.ઝેડ/આરટીઆઈ/જાવક નં.૧૧૪૪ તા.૨૪–૧૨–૦૮ થી પર્સોનલ ઓફિસર (મધ્યસ્થ મહેકમ), કાર્યપાલક ઈજનેર (વેસ્ટઝોન અને મ. જાહેર માહિતી અધિકારી), ને તબદીલ કરવામાં આવેલ. વેસ્ટઝોન તરફથી મુદ્દા નં.૧૦ અંગે વેસ્ટઝોન/આરટીઆઈ/૨૪૭ તા.૯–૧–૦૯ થી કાર્યપાલક ઈજનેર લીંબાયતઝોનને તથા અપીલ પશ્ચાત પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને તા.૯–૧–૦૯ થી મુદ્દા નં.૨,૩,૫,૬,૧૨,૧૩,૧૫,૧૬, પણ  તબદીલ કરવામાં આવેલ. ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર નં.જીએડી/ઈએસટી/૩૯૧૧ તા.૧૩–૧–૦૯ થી મુદ્દા નં.૧ થી ૭ ની માહિતી આપવામાં આવેલ. પૂરક માહિતીમાં મુદ્દા નં.૩ અંગે મજકુર કર્મચારીએ બજાવેલ જુદા જુદા ખાતામાં બજાવેલ ફરજ અને પ્રમોશન અંગે સર્વીસબુક, રેકર્ડની નકલ, તથા સરકારી  કર્મચારી કોઈ પણ મંડળમાં ચૂંટણી ધ્વારા ભરાતાં હોદ્દો ધરાવી શકે નહીં કે પ્રચાર કરી શકે નહી વિગેરે પ્રોવિઝનની જોગવાઈ અંગે નિયત ફી ભરી માહિતી મેળવી લેવા નં.જીએડી/ઈએસટી/૩૮૧૮ તા.૫–૧–૦૯ થી જણાવેલ. અરજદારે અપીલ અરજીમાં સદર નકલની કોપી રજુ કરેલ હોય તે અંગે માહિતી મેળવી લેવાનું અનુમાન કરી શકાય. તથા મુદ્દા નં.૧૨  કર્મચારી ઉપર ભુતકાળમાં કેસ થયેલ છે કે કેમ? કેટલા? કયારે ? કયારે? અને કઈ કઈ બાબતમાં તે અંગેના તમામ દસ્તાવેજી પુરાવા ,  જેવા કે, એન.સી., એફ આઈ. આર, કોર્ટ કાર્યવાહી વગેરેની ફોટો કોપી   વિગેરે જેનો પ્રત્યુત્તર " અત્રેના  રેકર્ડ મુજબ માહિતી નીલ છે."  મુદ્દા નં.૧૫ મ્યુ. કોર્પોરેશનનો કોઈ કર્મચારી કોઈ પણ જગ્યાએ કે સંગઠનમાં  કોઈ હોદ્દો ધરાવી શકે કે તેમ? નિયમ શું કહે છે તે માટે કોર્પોરેશનની પરવાનગી જરૂરી  છે કે કેમ? સદરહુ કર્મચારી હાલમાં કોઈ પણ જગ્યાએ કોઈ હોદ્દો ધરાવે છે કે કેમ જો હા હોય તો સદરહુ કર્મચારીની એવી પરવાનગી મેળવેલ છે કેમ? તેનો પ્રત્યુત્તર કોઈ જગ્યાએ સંગઠનમાં કોઈ હોદ્દો ધરાવવા અંગે શિસ્ત અને અપીલના નિયમની નકલ સામેલ છે બાકીની માહિતી અત્રેના રેકર્ડ મુજબની છે એવું જણાવેલ છે. જાહેર માહિતી અધિકારીએ તબદીલ માહિતીમાં મુદ્દા નં.૧૩ અને ૧૬ અંગે કોઈ તબદીલી કે માહિતી આપ્યા કે ઈન્કાર અંગે જણાવેલ નથી. સા.ઈ. ઝોન /મહેકમ/૩૬૫૧ તા.૨૦–૧–૦૯ થી અંશતઃ મુદ્દા નં.૧૦ અંગે લીંબાયતઝોન તરફથી તથા અંશતઃ મુદ્દા નં.૧૦ અંગે વેસ્ટઝોન/આરટીઆઈ /૨૮૩ તા.૩૦–૧–૦૯ થી અરજદારને કર્મચારીની રજા બાબતેની માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી આપવામાં આવેલ. તથા ફોટો કોપી અંગે નકલ ૧૦ ની નિયત ફી રૂ.૨૯/– ભરી માહિતીની નકલો આપવા પણ તૈયારી દર્શાવેલ પરંતુ અરજદારે તે નકલો મેળવેલ છે કે કેમ?  તે  અંગે કોઈ સ્પષ્ટતા અપીલ તબકકે કરેલ નથી. અરજદારે બંને માહિતીની સરખામણી કરી રજા બાબતે વિસંગતતાનું વાજબીપણું રજુ કરેલ. જે અંગે સા.ઈ.ઝોન/મહેકમ/૪૫૫૧ તા.૨૫–૩–૦૯ થી અરજદારને પુનઃ રજા અંગેની સર્વીસબુક રેકર્ડ આધારે માહિતી પૂરી પાડેલ છે.  ઝોનલચીફ અને  જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૮,૯ ,૧૧,૧૪ અને ૧૭  અંગે વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૩૫૮  તા.૨૩–૧–૦૯   થી માહિતી પૂરી પાડવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારીએ વેસ્ટઝોન ધ્વારા  કલમ–૧૧ અન્વયેની કરેલ કાર્યવાહીથી પણ અરજદારને વાકેફ કર્યાનું રજૂ કરેલ તા.૨૦–૧–૦૯ ના પત્ર પરથી જણાય છે.

પાછળ

આરટીઆઈ એકટની કલમ–૨ (એફ) અને ૨(જે) હેઠળ અનુક્રમે માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અનુસાર જાહેર માહિતી અધિકારી પાસેની અથવા નિયંત્રણ હેઠળની ભૌતિક સ્વરૂપે ઉપલબ્ધ પૈકીની માહિતી પૂરી પાડવાની રહે છે. અરજદારે મુદ્દા નં.૨, અને ૫ થી ૭ થી ૧૦ માં કર્મચારી સંયુકત કુટુંબની સંયુકત મિલ્કત અને સ્થાવર મિલ્કત બાબતે તથા ફીકસ ડીપોઝીટ શેર સર્ટીફીકેટ ની માહિતી બાબતે રેકર્ડ ઉપર માહિતી નીલ છે તેનાથી નારાજગી વ્યકત કરેલ છે. મુદ્દા નં.૮,૯ અને ૧૭ કર્મચારી ડયુટી પર પુરો સમય હજર રહેવા અને ફરજ છોડીને યુનિફોર્મમાં બીજા કામે જાય છે તેની ફરજ ઉપર પુરો સમય હાજર રહે છે? અને મુદ્દા નં.૧૧ માં રજા મુકી કે રજા મંજુર કર્યા વિના ફરજ ઉપર ગેરહાજર રહી પાછળથી સહી કરેલ છે ને એમ કરતાં પકડાયેલા છે ? મુદ્દા નં.૧૪ કર્મચારી દારૂ પીવાની કે નશો કરવાની આદત ધરવે છે કે કેમ? અને ચાલુ ફરજે પીવે છે કે કેમ? તેવા પ્રશ્નના જાહેર માહિતી અધિકારીએ અત્રેના રેકર્ડ ઉપર માહિતી નીલ છે ના આપેલ જવાબથી નારાજગી વ્યકત કરેલ છે. અરજદારના મુદ્દા નં.૧૦ અંગે કર્મચારીએ ભોગવેલ રજા અને વિસંગતતા બાબતે સા.ઈ.ઝોન/મહેકમ/૪૫૫૧ તા.૨૫–૩–૦૮ થી અરજદારને જવાબ પાઠવેલ છે. અરજદારે મુદ્દા નં.૧૫ માં સંગઠનમાં કર્મચારી હોદ્દો ધરાવી શકે કે કેમ? તેવી માહિતી અંગે તે અંગેની જોગવાઈઓ ની માહિતી પૂરી પાડવામાં આવેલ છે જયારે જરૂરી પગલા લેવાની રજુઆત મુળ અરજીથી અલાયદી કરવામાં આવેલ છે. અરજદારે મુદ્દા નં.૧૨,૧૩ અને ૧૬ ની માહિતી નહીં મળ્યાની રજુઆત કરેલ છે. જે પૈકી મુદ્દા નં.૧૨ અંગે જાહેર માહિતી અધિકારી ડે.કમિશ્નર (પઅનેઈ) ધ્વારા દફતરે માહિતી નીલ હોવાનું અરજદારને જણાવેલ છે જ. જયારે મુદ્દા નં.૧૩ ભુતકાળમાં વાહન અકસ્માત અંગે તથા મુદ્દા નં.૧૬ રાંદેરઝોનમાં બદલી અંગેના મુદ્દાની માહિતી ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી કક્ષાએથી તબદીલ પશ્ચાત પણ અપાયેલ જણાતી નથી. જયારે અરજદારે અપીલમાં જણાવ્યા અનુસાર પત્રકની વિગતે અરજદારે મુદ્દા નં.૬,૭ તથા ૧૪ ની માહિતી મેળવીને આપી શકયા હોત તેવી રજુઆત કરેલ છે. જે કલમ–૨ ની જોગવાઈ સાથે સુસંગત નથી. બાકીના મુદ્દાઓ અંગે જાહેર માહિતી અધિકારી વેસ્ટઝોન કક્ષાએથી તથા ડે.કમિશ્નર (પઅનેઈ) કક્ષાએથી હકીકતલક્ષી દફતરી માહિતી આપ્યાનું સ્પષ્ટ થાય છે. અરજદાર અપીલ તબકકે ઉડાઉ જવાબના દાવાના સમર્થનમાં કોઈ આધાર રજૂ કરી શકેલ નથી.

## હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૨૩–૧૨–૦૮ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી પૈકી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી મુદ્દા નં.૧૩ અને ૧૬ વેસ્ટઝોન તરફથી પર્સોનલ ઓફિસર મધ્યસ્થ મહેકમને વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૨૪૭ તા.૯–૧–૦૯ થી તબદીલ થયેલ તેમ છતાં અરજદારને નહીં પૂરી પડાયેલ માહિતી આરટીઆઈ એકટની કલમ–૭(૬) હેઠળ વિના મૂલ્યે અત્રેની જાણ હેઠળ દિન–૭ માં અરજદારને પૂરી પાડવા ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારીને જણાવવામાં આવે છે. પગલા લેવા કે કાર્યવાહી હાથ ધરવા સામે અરજદાર લાગત સક્ષમ સત્તાને અલાયદી રજુઆત કરવા સ્વતંત્ર છે.

નં.આરટીઆઈસેલ/ ડે.***કમિશ્નર(જનરલ),***
તારીખ : –૪ –૦૯. ***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) ડે.કમિશ્નર (પઅનેઈ) અને જાહેર માહિતી અધિકારી (મહેકમ),ડે.કમિશ્નર (હેઅનેહો) અને જાહેર માહિતી અધિકારી (લીંબાયતઝોન), ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન).....જાણ તથા અમલ માટે
(૨) શ્રી શ્રીકાંત મુકુંદભાઈ પટેલ,